# GAUTAM CLASSES

**Sample Paper, 2024**

**Std: X -GSEB (Gujarati)**

**Paper -2**
**MM: 80**

## વિભાગ: A

**(અ) નીચેનાં જોડકા યોગ્ય રીતે જોડીને લાખો:** **(3)**

| 'અ ' કૃતિ. | 'બ ' સાહિત્ય પ્રકાર |
|---|---|
| 1.ઝબક જયોતા | અ.રેખાચિત્ર |
| 2. પ્રાણીઓ મિત્રો | બ હાસ્ય નિબંધ |
| 3. શ્વેત ક્રાંતિ ના | ડ પ્રણેતાઓ |
| | ક.અનુવાદિત વાર્તા |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** **(2)**

4. ધવાયેલો દિપક........ નું સ્મરણ કરે છે. (ઈશ્વર, રાષ્ટ્રધ્વજ, અંગ્રેજો)
5. ટિફિન કૃતિમાં ગાય માટે ....... શબ્દ નો પ્રયોગ થયેલો છે. (કામધેનું , કાળવી , ગૌરવી )

**બ (2) નીચે આપેલા વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો:** **(2)**

6. ટિકિટ માટે ભદ્રંભદ્રલ 'મોહમ)|' શબ્દ પ્રયોજે છે.
7. સુરજ તો બધે જ સરખો' પાઠના લેખકનું નામ વિનોદ ભટ્ટ છે.

**ક નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો:** **(3)**

8. વર્ગીસ કુરિયર ની આત્મકથા નું નામ જણાવો.9. સૌરાષ્ટ્રમાં કયા સ્થળનું રંગાટકામ વખણાતું?
10. મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈને સી લાગણી થતી?

**(S) નીચે આપેલા પ્રશ્નોના બે ત્રણ વાક્યમાં ઉત્તર લખો (ગમે તે બે) (4)**

11. સિક્યુરિટી ઓફિસર શું સમજાવ્યું?
12. જેઠીબાઈના કારખાનાનો માલ ક્યાં ક્યાં દેશોમાં જતો હતો?
13. ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હશે જન્માવે છે?

**(ઇ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો ( ગમે તે બે) (6)**

14. 'પ્રાણ નો મિત્ર' પાઠના આધારે બલાઈનો પ્રકૃતિપ્રેમ વર્ણવો.
15. 'ઝબક જ્યોત' શીર્ષકની યથાર્થતા ચર્ચો
16 વર્ગીસ કુરિયર ત્રિભુવનદાસ ના કયા ગુણોથી પ્રભાવિત થઈ તેમને ગુરુ માનતા હતા?

## વિભાગ 8 : પદ્યવિભાગ

**(અ) નીચેના જોડકા યોગ્ય રીતે જોડીને લખોને લખો:** **(3)**

| 'અ'.(કૃતિ). | 'બ' સાહિત્ય પ્રકાર) |
|---|---|
| 17. દીવાનખાનામાં | (અ) દુહા |
| 18. પિંજરાનું બારણું | (બ) હાઇકુ |
| 19. લીલી ઓઢીને | (ક) મુકતક |
| | (S)અછાંદસ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** **(2)**

20. ....... માણસ કદી ફુલાતો નથી. ( પૂર્ણ તાવાળો ,ઘમંડી , સ્વાર્થી,)
21. હાથ મેળવીએ કાવ્ય...... કાવ્યસંગ્રહ માંથી લેવામાં આવ્યું છે. (છંદોલય, શરણાઈના સૂર, સૂરજ કદાચ ઊગે)

**(2) નીચે આપેલા વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો:** **(2)**

22. પંખીને મનુષ્ય જાતિ પર વિશ્વાસ નથી .
23. કઠિન સંજોગોમાં જ્ઞાની હાર માનવાનું કહે છે.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો: (3)**

24. કાનાની મોરલીએ કોણ ઘેલું બન્યું?
25. 'સૂર્ય તપતો હોય એનો મધ્યમાં' નો અર્થ શું ?
26.'જીવન અંજલી થાજો કૃતિના કર્તાનું નામ જણાવો.

**(S) નીચે આપેલા પ્રશ્નોના બે ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( ગમે તે બે) (4)**

27. મોરલી કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.
28. દિવાનખાનામાં કાવ્યના અંતે નાયકા કેવો મનોભાવ અનુભવે છે.
29. તળાવને કોણ જગાડે છે?

**(ઇ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે) (6)**

30. ક્યારે વાગી કાવ્યનો ભાવાર્થ સમજાવો.
31. 'જીવન અંજલી થાજો' શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો.
32. 'વાદળ ટોચે પહોંચી વેરાઇ ગયું' પંક્તિમાં વ્યક્ત થતો સંદેશ.

## વિભાગ C વ્યાકરણ વિભાગ

GAUTAM CLASSES

**માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(16)**

33. નીચેનામાંથી કયો શબ્દ 'ઉદધિ' શબ્દનો સમાનાર્થી છે?
(a)ઉત્સાહ (b)સાગર (c) ઊંડું
34. નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ?
(a) શ્વેત -સફેદ (b) સ્મૃતિ -સ્મરણ (c) પૂનમ- અમાસ
35. સૂર્યોદય શબ્દનો વિરોધાર્થી શબ્દ શોધીને લખો.
(a) રુદન (b) સૂર્યાસ્ત (c) પરમાર્થા
36. નીચે વિરોધાથી શબ્દોના જોડકા આપ્યા છે તેમાં કયું જોડકું ઉચિત નથી?
(a) સાંજ X સવાર (b) મૂકવું X મેળવું (c) મિત્ર X શત્રુ
37. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?
(a) દિશાશૂન્ય (b) દીશાશૂન્ય (c) દિશાસન્ય
38. આપણે....... માનવી હોય તો કમાવું જોઈએ.
(a) જિંદગી (b) જીંદગી (c) જીદંગ
39 નીચેનામાંથી નિત્યાનંદ શબ્દની કઇ સંધિ યોગ્ય રીતે છોડેલી છે?
(a)નીતિ x આનંદ (b)નિઃ x આનંદ (c)નિત્ય x આનંદ
40. નીચેનામાંથી કયો સમાસ તત્પુરુષ છે?
(a) દીનદુ: ખિયા (b)ચિંતાતુર (c) આવકવેરો
41. સોપાના સર કરવાં. (રૂઢિ પ્રયોગનો અર્થ આપો.)
42. ભેસ આગળ ભાગવત (કહેવત નો અર્થ લખો.)
43. બા માથું ઓળે છે. (કર્મણીવાક્ય બનાવો.)
44.સુધાએ તેની કાકીની પત્ર લખ્યો (પ્રેરક વાક્ય બનાવો)
45. રમા પાસે બહુ અટપટો હિસાબ હતો. (રેખાંકિત વિશેષણ નો પ્રકાર લખો)
46. નીચેનામાંથી વિકારી વિશેષણ શોધીને લખો
(a)ઉજ્જડ (b) યોગ્ય (c) મારુ
47. બલાઈ તું કેવીગાંડા જેવી વાતો કરે છે (યોગ્ય વિરામચિહ નો મૂકી વાક્ય ફરીથી લખો.)
48. વાક્યને અંતે કયુ વિરામચિન્હ મુકાય?
(a) પૂર્ણવિરામ (b) પપ્રશ્નાર્થ ચિન્હ (C)અલ્પવિરામ

**વિભાગ D: અર્થગ્રહણમ / લેખનસજ્જતા**

**49. નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ ત્રીજા ભાગમાં સંક્ષિપ્ત કરી તેને યોગ્ય શીર્ષક આપો:** **[4]**
'સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે,પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકની સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતા આવડતું નથી તેનું કશું જ વાપરતા આવડતું નથી.જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય તો તેમાં થતી બચત એ જ તમારી મિલકત ગણાય સમયની બાબતમાં પણ એવી જ રીતે તેની બચત એ જ કમાણી છે નવો સમય કોઈને મળી શકતો નથી એટલે જે માનવ પોતાના જ સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઇ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગા થાય એ પછી શું ન કરી શકે

**50. આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો તેમાંથી મળતો બોધ લખી તેને યોગ્ય શીર્ષક આપો :** **[4]**
મુદ્દા: એક સાંકડો પુલ. - બે કુતરાઓનું સામસામું આવવું - બંને ઝઘડવું - બંનેનું ઝઘડવું - નદીમાં પડવું - એ જ પુલ પરથી બે બકરીઓને સામસામું આવવું - બંને સમજદાર - એક બકરીનું બેસવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું - કે જે બોધ.

**51. તમારી શાળામાં વૃક્ષારોપણ સમાહ ઉજવવામાં આવ્યો હતો તે પ્રસંગનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.** **[4]**

**52. નીચે આપેલી પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો.** **[4]**
ઊંચીનીચી કર્યા કરે, જીવનની ઘટમાળા;
ભરતી તેને ઓટ છે, ઓટ પછી જુવાળ.

અથવા

પૈસાને વળી પદવીનો, વિશેષ વિશ્વાસ,
રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

**53. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** **[8]**
ઇન્ટરનેટની માનવજીવન પર અસર
મુદ્દા: પ્રસ્તાવના - ઇન્ટરનેટનો પ્રારંભ - સર્વાંગી વિકાસનું મહત્વનું સાધન - માનવ સમસ્યા અને ઉકેલ - માનવ જીવન પર પડતી અસર સરકારી - નિયંત્રણ - ફરજો - ઉપસંહાર

અથવા

કુદરતનાં હાસ્ય અને તાંડવ
મુદ્દા : પ્રસ્તાવના - કુદરતનાં વિવિધ સ્વરૂપો - કુદરતના હાસ્ય સ્વરૂપો - કુદરતના તાંડવ સ્વરૂપો - ન્યાયી કુદરત દ્વારા સમાનતા - કુદરત આગળ માનવીની લાચારી - ઉપસંહાર

GAUTAM CLASSES